હજજ અને ઉમરહ

જરૂરી અહકામ અને હિદાયતો

:: નવી આવૃત્તિ ::

–: સંપાદક :–

મૌ. શમ્સુલહક હાશિમ

ચાંગા, જિ.આણંદ, ગુજરાત.

મો. ૯૯૨૫૫ ૪૨૩૨૦

કિતાબનું નામ : હજજ અને ઉમરહ

સંપાદક : મૌ. શમ્સુલહક હાશિમ

પહેલી આવૃત્તિ : જીલ્કાદ - ૧૪૧૭ હિજરી
એપ્રિલ - ૧૯૯૭

પ્રત : ૧૦૦૦

બીજી આવૃત્તિ : સફર ૧૪૪૦ હીજરી
ઓક્ટોબર - ૨૦૧૮

પ્રત : ૧૦૦૦

પ્રાપ્તિ સ્થાન : આદમ અલીજી દીવાન ટ્રસ્ટ
સ્ટેશન મસ્જિદ, નડિઆદ,
જિ. ખેડા, ગુજરાત.

**ઉમ્મતના મર્હુમોના
ઈસાલે સવાબ અર્થે વકફ**

:: અનુક્રમણિકા ::

(૧) નિય્યતની સફાઈ ૭
(૨) હજજ ઉમરહમાં સફરના સાથીદારો ૭
(૩) સફર માટે જરૂરી સામાન ૮
(૪) ઘરેથી રવાનગી ૧૧
(૫) એહરામ બાંધવો ૧૧
(૬) હવાઈ જહાઝનું સફર ૧૪
(૭) જિદ્દહ એરપોર્ટ ૧૬
(૮) મક્કહ મુકર્રમહમાં દાખલો ૧૭
(૯) ઉમરાહનો તરીકો ૧૯
(૧૦) ઉમરહના અહકામ ૨૦
(૧૧) તવાફ ૨૧
(૧૨) મુલ્તઝમ ૨૩
(૧૩) હતીમ ૨૪
(૧૪) ઝમઝમનું પાણી પીવું ૨૪
(૧૫) સફા–મરવહ દરમ્યાન સઈ ૨૫
(૧૬) મક્કા શરીફમાં રોકાણ ૨૮
(૧૭) હજજની અદાયગી ૩૦
(૧૮) હજજના ત્રણ ફર્ઝો અને સાત વાજિબ અમલો છે. ૩૧
(૧૯) ૯, જીલ્હજજ, અરફાત માટે રવાનગી ૩૪

(૨૦) અરફાતથી મુઝદલિફહ રવાનગી ૩૬
(૨૧) ૧૦, જીલ્હજજ , મિનામાં કિયામ અને શૈતાનને કાંકરીઓ મારવી ૩૮
(૨૨) કાંકરીયો મારવાનો તરીકો ૩૯
(૨૩) કુર્બાની ૪૦
(૨૪) તવાફે ઝિયારત ૪૧
(૨૫) તવાફે વિદાઅ ૪૩
(૨૬) મક્કા મુકર્રમહની મુબારક જગાઓ ૪૪
(૨૭) તવાફ કરવાની સહુલત માટે બયતુલ્લાહનો નકશો ૪૭
(૨૮) હજજ–ઉમરાહમાં વપરાતા અરબી શબ્દોની સમજૂતી ૪૮
(૨૯) હજજે તમત્તુઅના અમલ એક નઝરમાં ૪૯
(૩૦) ઝિયારતે મદીના મુનવ્વરહ ૫૦
(૩૧) રોઝા મુબારક પર હાજરી ૫૨
(૩૨) મસ્જિદે નબવીના સાત બરકતવંત થાંભલા ૫૬
(૩૩) મદીના શરીફની મુબારક જગાઓ ૫૭
(૩૪) મદીનહ શરીફની ખજૂર ૫૯
(૩૫) મદીનહ શરીફથી વિદાય ૫૯
(૩૬) ગરમી અને તેનાથી બચવાનો ઈલાજ ૬૧

સંપાદકનું નિવેદન :

હજ્જે બયતુલ્લાહ એક અહમ ઈસ્લામી રૂકન છે. કુરઆન મજીદ અને હદીષોમાં વિવિધ પ્રકારે તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. હૈસિયતવાળા મર્દો અને ઔરતો પર ફર્ઝ કરવા માટે ભાર મુકવામાં આવ્યો છે. લાપરવાહી દાખવનાર માલદારોને ભયંકર ચેતવણી આપી પહેલી અને વહેલી તકે અદા કરવાની તાકીદ કરવામાં આવી છે. તેઓ તંબીહના કાબિલ છે. અને જે લોકો હજ્જના અહકામ શિખ્યા વગર અને આદાબ જાણ્યા વગર હજ્જ માટે ચાલ્યા જાય છે. તેઓ પણ તંબીહના કાબિલ છે.

હજ્જની ભૌતિક (જાહિરી) તૈયારીઓ તો મહીનાઓ પહેલાં શરૂ થઈ જાય છે. પરંતુ આ મુબારક સફરની રૂહાની તૈયારી જોઈએ તેટલા ઉત્સાહથી થતી નથી. હજ્જ કરવાવાળા પર હજ્જના ટાઈમ પહેલાં મસાઈલે હજ્જ શિખવા વાજિબ છે.

હજ્જ ઉમરહનું સફર માત્ર ઈબાદત કરવા માટે જ છે. અને થોડા દિવસો પુરતી એક લાંબી ઈબાદત છે. જુદી-જુદી જગાઓ પર તેના ફર્ઝો-વાજિબો અદા કરવાના છે. માટે

હજ્જ ઉમરહની ઈબાદત સહીહ અને સુન્નત તરીકા મુજબ અદા કરવી બીજી ઈબાદતો કરતાં વધું મુશ્કિલ છે.

માલદાર ઉપર જીવનમાં એક વખત હજ્જ કરવી ફર્ઝ છે. ઔરતને હજ્જમાં જવા માટે તેના પતિ અથવા મહરમનું સાથે હોવું જરૂરી છે.

હજ્જ ઉમરહમાં જનાર દરેક વ્યક્તિ આ કિતાબ હજ્જના સમય પહેલાં વાંચવાનું શરૂ કરે, અને સફરમાં પણ વાંચીને અમલ કરે. ઈન્શાઅલ્લાહ આપની હજ્જ દુરૂસ્ત થશે.

હજ્જમાં જનારાઓએ શક્ય હોય તો ઈન્ટરનેટ પર હજ્જની વેબ-સાઈટ પણ જોવી જોઈએ. તેનાથી ઘણી માહીતી મળી શકે છે. વેબસાઈટ આ પ્રમાણે છે.

www.hajcommittee.com

અલ્લાહતઆલા આપના હજ્જ ઉમરહને કબૂલ ફરમાવે.

- આમીન યા રબ્બલ આલમીન.

અહકર : મૌ. શમ્સુલહક હાશિમ
ખાદિમ - સ્ટેશન મસ્જિદ, નડિઆદ, જિ. ખેડા.
મો. ૯૯૨૫૫ ૪૨૩૨૦

(૧) નિય્યતની સફાઈ

કોઈપણ ઈબાદત ઈખ્લાસ વગર કબૂલ થતી નથી. એટલા માટે ફક્ત અલ્લાહતઆલાની ખૂશ્નૂદી અને તેના હુકમના પાલન ખાતર જ હજ્જનો ઈરાદો કરવો જોઈએ.

માટે જયારે પોતાના ઉપર હજ્જ ફર્ઝ થઈ જાય ત્યારે અલ્લાહની જાત પર ભરોસો કરી હજ્જની તૈયારી શરૂ કરી દેવી જોઈએ. અને નિય્યત માત્ર અલ્લાહતઆલાની ખૂશ્નૂદી પ્રાપ્ત કરવાની જ કરવી જોઈએ. સેલ-સપાટા કરવાનો તથા હાજી સાહેબ કેહવડાવાનો હેતુ ન હોય.

યાદરાખો : જે માણસ હજ્જનો ઈરાદો કરે તેણે હજ્જની રીત સારી રીતે સમજી લેવી ફર્ઝે ઐન છે. એટલા માટે કોઈ એવી આધારભૂત, વિશ્વાસ પાત્ર અને પ્રમાણિત કિતાબ પોતાના સફરમાં સાથે રાખે. જેથી ઈખ્લાસવાળી નિય્યતથી શરૂ કરેલી હજ્જ શરીઅતે બતાવેલા હુકમો પ્રમાણે અદા થઈ શકે.

(૨) હજ્જ ઉમરહમાં સફરના સાથીદારો

હજ્જના સફરમાં એવો સાથી શોધી કાઢો જેનો મિઝાજ અને સ્વભાવ તમારા મિઝાજથી મેળખાતો હોય

અને જે સાથીઓની ભલાઈ ચાહતો હોય, અને બુરાઈથી દૂર રહેતો હોય, ધીરજવાન, અને શાંત સ્વભાવનો હોય. તમો કોઈ વાત ભૂલી જાવ તો યાદ અપાવે, અને હિકમતથી ઈસ્લાહ કરતો રહે - અગર આલિમ સાથે હોય તો વધુ બહેતર છે. તેમના ઈલ્મો અમલથી લાભ થશે.

(મનાસિકે નવવી-૩૮)

(૩) સફર માટે જરૂરી સામાન

જરૂર મુજબનો સામાન સાથે લઈ લો. જેથી સારી રીતે પોતાનો સફર આસાનીથી પૂરો કરી શકો.

* મર્દો માટે બે એહરાની ચાદરો (૪ ચાદરો લો તો વધું સારૂં)
* ચાર-પાંચ જોડી કપડાં. (મૌસમ પ્રમાણે)
* એક જોડી સ્લીપર તથા બુટ.
* મુસલ્લો સફર દરમ્યાન તેની જરૂર પડશે.
* ટોર્ચ, ચાકું, સોયદોરો, મિસ્વાક, આઈનો, કાંસકો વિગેરે.
* એહરામ બાંધવાનો પટ્ટો.
* હજ્જ ઉમરહના મસાઈલની કિતાબ
* ખાવા-પીવા માટે પોતાના જરૂરી વાસણો.

* સામાન બાંધવાની દોરી, લોટો, નિલકટર, રૂમાલ.
* જરૂરી ટેલીફોન નંબરની ડાયરી.
* પોતાની જરૂરીયાતની દવાઓ.
* ગરમીમાં પહેરવાના રંગીન ચશ્મા.
* ચાદર, તકીયો, પ્લાસ્ટીક ફોલ્ડીંગ ચટાઈ.
* જરૂર હોય તો સુકો નાસ્તો - સિંગ, ચણા વિગેરે.

અગત્યની સુચના : (ધ્યાનથી વાંચો)

* સઉદી સરકારે નશો પૈદા કરનાર ચીઝ વસ્તુંઓના વેચાણ, હેરાફેરી, વપરાશ વિગેરે પર સંપૂર્ણ કાબું મેળવવા માટે સખ્ત કાયદા ઘડી કાઢ્યા છે. તેનો વિરોધ કરનાર માટે લાંબી સખ્ત જેલ તથા સઝાએ મૌત સુધી જોગવાઈ કરેલી છે. માટે આવી હરકતોથી બચવું જરૂરી છે.
* ખસખસ, અફીણ જેવી વસ્તુઓ પર સંપૂર્ણ પાબંદી લગાવી છે. ભલેને તે ઓછા પ્રમાણમાં હોય, સઝામાં કોઈ ફેરફાર નથી.
* કોઈ અજાણી વ્યક્તિનો સામાન પોતાના પાસે રાખવો નહી. તથા સાથે લઈ જવા સ્વિકારે નહી ઘણીવાર મોટી આફત સર્જાઈ શકે છે.

* સાવચેતી પૂર્વક સફર કરો ચોર લોકોથી સાવધાન રહો. રૂપિયા-પૈસા સાચવીને રાખો બધી રકમ એક જગાએ ના મુકો, પોતાની પત્નિ સાથે હોયતો થોડીક રકમ તેની પાસે પણ રાખો.
* પોતાની ખાવાની વસ્તું બીજાને ખવડાવશો નહી. તથા બીજાની વસ્તું તમો પણ ખાશો નહી. કોઈક વખત મુશ્કિલી તથા પરેશાની ઉભી થાય છે.
* પોતાનો સામાન બીજાને સાચવવાની જવાબદારી સોંપવી નહી.
* કાફલામાં જે માણસ દીનદાર, સમજદાર અને અનુભવવાળો હોય તેને અમીર બનાવો. અને બધા તેની તાબેદારી કરો.
* બીજા હાજીઓ, ખાસ કરી ઘરડાઓ અને કમઝોરોની ખિદમતનો શઈ હાસિલ કરો.
* લડાઈ, ઝગડાથી દૂર રહો. અગર કોઈ તકલીફ પહોંચાડે અથવા તકરાર ઉભી કરે તો સબર સંયમ જાળવો, અને શાંતિ જાળવી રાખો. સફરમાં ઘણી વાર આવા સંજોગો ઉભા થાય છે.

(૪) ઘરેથી રવાનગી

ઘરેથી નિકળતી વેળા ખૂશ ખુશાલ નિકળો, ગમગીન અને માયુસ મોઢેં ના નિકળો. આ સફર ખૂશી ખૂશી જવાનો મુબારક સફર છે. ઘરેથી નિકળતાં પહેલાં અને નિકળ્યા પછી સદકો આપો. તથા પોતાના ઘરમાં તથા મોહલ્લાની મસ્જિદમાં બે રકાત નફિલ નમાઝ અદા કરો, પહેલી રકાતમાં ''**સૂરએ કાફિરૂન**'' અને બીજી રકાતમાં ''**કુલ હુવલ્લાહુ અહદ પઢો.**'' સલામ ફેરવી ''**આયતુલ કુર્સી**'' તથા ''**લિઈલાફી કુરયશ**'' પઢો. અને સફરની આસાનીની દુઆ કરો.

પડોશી તથા સગા વ્હાલાં, દોસ્તોને મળી માફી-સાફી કરી દુઆની દરખાસ્ત કરો. તથા લેવડ દેવડનો મામલો અદા કરો અથવા પોતાના વારસદારને વસિય્યત કરો.

<u>ઘરેથી નિકળતી વેળા આ દુઆ પઢો.</u>

''બિસ્મિલ્લાહિ આમન્તુ બિલ્લાહિ તવક્કલ્તું અલલ્લાહ વલા હવલ વલા કુવ્વત ઈલ્લા બિલ્લાહ.''

(૫) એહરામ બાંધવો

અગર આપની ઈચ્છા સીધા મક્કા શરીફ જવાની હોય તો પ્લેનમાં બેસતાં પહેલાં અમદાવાદ અથવા મુંબઈથી

એહરામ બાંધી લો.

એહરામ બાંધવા પછી સીવેલાં કપડાં પહેરવાં, ખૂશ્બૂં લગાવવી, હજામત કરાવવી ના જાઈઝ છે.

ઔરતોનો એહરામ એમના પહેરેલાં કપડાં જ છે. એહરામ બાંધ્યા પછી મકરૂહ સમય ન હોય તો બે રકાત નમાઝ પઢવી. સલામ ફેરવી તેજ જગા પર એહરામની નિય્યત કરીલો.

''**હજ્જે તમત્તુઅ**''માં ફક્ત ઉમરહની નિય્યત કરવામાં આવે છે. મક્કા શરીફ પહોંચી ઉમરહ કર્યા પછી એહરામ ખોલી નાખવામાં આવે છે. ઉમરહનો એહરામ બાંધી નિય્યત કર્યા પછી ત્રણ કામ ખાસ કરવાના છે.

(૧) તવાફ (૨) સફા-મરવહ દરમ્યાન સઈ (૩) માથાના બાલ મુંડાવવા.

ઉમરહનો એહરામ બાંધી નિય્યત કરી ઉપર મુજબના ત્રણ કામ તરતીબથી કરો.

બે રકાત પઢ્યા પછી માથું ખોલી ઉમરહની નિય્યત કરો, ''**અલ્લાહ હુમ્મ ઈન્ની ઉરીદુલ ઉમરહ ફયસ્સિરહા–લી–તવકબ્બલ મિન્ની.**''

ત્યાર પછી મર્દ ઉંચા અવાઝે અને ઔરતો ધીમા અવાઝથી તલબિયહ પઢે.

''લબ્બયક અલ્લાહુમ્મ લબ્બયક, લબ્બયક લા શરીક લક લબ્બયક ઈન્નલ હમ્દ વન્નિઅમત લક વલ મુલ્ક લા શરીક લક.''

તલબિયહ પઢતાંની સાથે જ તમો એહરામમાં દાખલ થઈ ગયા.

ઔરતને જો માસિક આવ્યું હોય તો ગુસલ અથવા વુઝુ કરી એહરામ માટે સીવેલાં કપડાં પહેરીને મુસલ્લહ પર બેસી નમાઝ ન પઢે. ફક્ત ઉમરહની નિય્યત કરે અને તલબિયહ પઢે એટલે તે પણ એહરામમાં દાખલ થઈ જશે.

લબ્બયક એકવાર પઢવું વાજિબ છે. અને ત્રણ વાર પઢવું સુન્નત છે. હવે સૌથી વધારે ઝિક્ર લબ્બયક પઢવાનો રહેશે.

અગર આપને વતનથી પહેલાં મદીના શરીફ જવાની ઈચ્છા હોય તો અમદાવાદ અથવા મુંબઈથી એહરામ બાંધવાની જરૂર નથી. જ્યારે મદીના શરીફથી મક્કા શરીફ

જાવ ત્યારે ઝુલ્હુલેફહ (જગાનું નામ છે) ત્યાંથી એહરામ બાંધવો.

એહરામની હાલતમાં નીચેના કામો કરવાની મનાઈ છે.

(૧) પોતાની પત્નિ સાથે હમબિસ્તરી અથવા ચુંબન કરવું.
(૨) પુરૂષોએ સીવેલાં કપડાં પહેરવા, પરંતુ ઔરતોએ સીવેલાં કપડાં પહેરશે...
(૩) માથું અને મોં ઢાંકવું (ઔરતોએ માથું ઢાંકવાનું છે)
(૪) એવા બુટ પહેરવા કે તેનાથી પગનું હાડકું ઢંકાઈ જાય.
(૫) હજામત કરવાવી અથવા બાલ ઉખેડવા.
(૬) નખ કાપવા.
(૭) ખૂશ્બૂ લગાવવી.

હજ્જ અને ઉમરહનો પહેલો અમલ એહરામ અને તેની પાબંદીયો છે. મક્કા શરીફ પહોંચતા સુધી બીજો કોઈ ખાસ અમલ કરવાનો નથી.

(૬) હવાઈ જહાઝનું સફર

હવાઈ જહાઝ રવાના થાય ત્યારે આ દુઆ પઢો. **''બિસ્મિલ્લાહિ મજરિહા વમુરસાહા ઈન્ન રબ્બી લગફુર્રરહીમ.''**

આપ ગણાત્રીના કલાકોમાં જિદ્દહ એરપોર્ટ પર ઉતરી જશો. હિજાઝે મુકદ્દસની ભૂમી પર ઉતરી અલ્લાહનો શુક્ર અદા કરો ધીરજ રાખો કાનુની કાર્યવાહી પતાવી તમો બસ મારફત મક્કા શરીફ પહોંચી જશો જિદ્દહથી મક્કા શરીફનો રસ્તો દોઢથી બે કલાકનો છે.

અગત્યની નોંધ :

અમદાવાદ અથવા મુંબઈ થી આપના સફરના આગલા દિવસે ટિકિટ તથા પાસપોર્ટ અને તેની સાથે એક સ્ટીલનું કડું આપવામાં આવશે. જે ઘણું ઉપયોગી છે. તેના ઉપર આપનો કવર નંબર, પાસપોર્ટ નંબર તથા તમારા દેશ તથા સ્ટેટનું નામ અને ગૃપના માણસોની સંખ્યા વિગેરે કોતરાયેલું હોય છે. જેમ કે...

INDIA / 19048	GJ	0458/10/.......
આ લખાણ બતાવે છે કે આપ ઈન્ડિયાના છો. પાસપોર્ટ નંબર ૧૯૦૪૮ છે.	તમે ગુજરાત રાજ્યના છો.	તમારો કવર નંબર ૦૪૫૮ છે. અને તમારૂં ગૃપ ૧૦ માણસનું છે.

આપ ભૂલા પડો અથવા પાસપોર્ટ ખોવાઈ જાયતો તો પણ આ સ્ટીલનું કડું ઘણું ઉપયોગી છે. આપની પાસે કડું હશે તો પોલીસ તેનાથી બધીજ માહિતી મેળવી શકશે. કારણકે હાજીઓની તમામ માહિતી કોમ્પ્યુટરાઈઝડ કરી દીધી છે. તેનાથી ઘણી મુશ્કિલીઓ આસાન થઈ ગઈ છે.

(૭) જિદ્દહ એરપોર્ટ

જિદ્દહ ઓરપોર્ટ દુન્યાના પ્રખ્યાત એરપોર્ટોમાંનું એક એક એરપોર્ટ છે. જેનું નામ **''કિંગ અબ્દુલ અઝીઝ એરપોર્ટ''** છે. ફક્ત હાજીઓ માટે બનાવેલ ટર્મિનલને **''હજ્જ ટર્મિનલ''** કહેવાય છે. પોતાની જરૂરિયાત માટે જવું હોય તો આપ જે થાંભલા પાસે રોકાયા છો તેનો થાંભલા નંબર જોઈલો અથવા લખીલો, ફારિગ થયા પછી તેજ નંબર ના થાંભલા પાસે આવવાની સહુલત રહેશે.

જરૂરિયાત થી ફારિગ થઈ આપ એરપોર્ટમાં જ એક સ્થળ જેનું નામ **''મદીનતુલ હુજ્જાજ''** છે. ત્યાં પહોંચી જાવ. ત્યાંથી આપને મોઅલ્લિમની બસ લેવા આવશે, કુલી તમારો સામાન બર ઉપર ચઢાવશે. તેજ બસમાં તમારે બેસવાનું છે. રસ્તામાં તમારો સામાન બીજા હાજીઓ

ભૂલથી ઉતારી ના લે તેનું ખાસ ધ્યાન રાખશો, પાછળથી સામાન મળવો મુશ્કિલ છે.

(૮) મક્કહ મુકર્રમહમાં દાખલો

જયારે આપની બસ મક્કા શરીફથી ૧૦ કિ.મી. દૂર હશે ત્યાંથી ''**હરમની હદ**'' શરૂ થાય છે. જયાં અરબીમાં મોટા અક્ષરો બોર્ડ પર ''**હાઝા હદદુલ હરામ**'' લખેલું દેખાશે.

હવે તમો મક્કહ મુકર્રમહ તરફ આગળ વધી રહ્યા છો અને બયતુલ્લાહ નઝદીક આવી રહ્યું છે. આ દરમાન તમો તલ્બીયહ પઢતા રહો.જેમજેમ મંઝીલ નઝદીક આવશો તેમ આપનો શોખ વધશે. માટે ખૂબ તલબિયહ પઢો, અને દુઆ માંગો.

હવે આપની બસ મુકદ્દસ શહેરમાં દાખિલ થઈ રહી છે. એટલે પૂરી એકાગ્રતા થી દુઆ માંગો. અરબીમાં દુઆઓ યાદ હોય તો તે પઢો. (કિતાબોમાં જોઈલેવી) અરબીમાં યાદ ન હોય તો પોતાની ભાષામાં દુઆ કરતા રહો.

યાદ રાખો, આપ એવી પવિત્ર અને મુકદ્દસ ભૂમિ પર છો જેનું નામ મક્કહ મુકર્રમહ છે. આ મુબારક શહેર પર રાત-દિવસ રહમતો વરસતી રહે છે. અને જન્નતના બધા દરવાઝા મક્કહ મુકર્રમહ તરફ ખુલ્લા રહે છે અને કિયામત સુધી ખુલ્લા રહેશે.

હદીષમાં છે કે પૂરી ઝમીન પર મક્કહ મુકર્રમહ સિવાય કોઈ એવું શહેર નથી કે જેના તરફ જન્નતના બધા દરવાઝા ખુલ્લા રહેતા હોય. (મુઅત્તા - મુસ્નદે અહમદ)

બસ આપની રહેઠાણ બિલ્ડીંગ નજીક લઈ જશે ત્યાં મોઅલ્લિમનો માણસ એક પીળું કાર્ડ પીળું કાર્ડ અને પીળો પટ્ટો આપશે તે કાર્ડ આપની એરિયા એડ્રેસ મોહલ્લાનું નામ બિલ્ડીંગ નંબર વિગેરે માહિતી હોય છે. માટે આ કાર્ડ પણ સાચવી રાખો. ખોવાયેલા હાજીઓ માટે ઘણુંજ ઉપયોગી છે.

મસ્જિદે હરામમાં દાખલો

આપનો સામાન ઉતારી મકાનમાં મુકી વુઝૂ કરી મસ્જિદે હરામ તરફ આગળ વધો તલબિયહ પઢતા રહો મસ્જિદે હરામમાં ''**બાબુસ્સલામ**'' થી દાખલ થાઓ પ્રવેશતી વખતે ''**બિસ્મિલ્લાહિ વસ્સલાતુ વસ્સલામુ અલા રસુલિલ્લાહ**'' પઢી જમણો પગ મુકો. પછી આ દુઆ પઢો ''**રબ્બિગ ફિરલી વફતહલી અબ્વાબ રહમતિક**''

નીચે નજર રાખી આગળ વધો. તહીય્યતુલમસ્જિદની નમાઝ પઢવાની નથી. કઅબતુલ્લાહનો તવાફ કરવાનો છે. આગળ વધતાં કઅબતુલ્લાહ પર નજર પડશે જે દુઆ કબૂલ થવાની ખાસ ઘડી છે. ત્રણ વખત નીચે મુજબની દુઆ પઢો ''**અલ્લાહુ અકબર લા ઈલાહ ઈલ્લલ્લાહ**''

(ત્રણ વખત) તકબીરે તશરીક પણ પઢી શકાય.

''**અલ્લાહુ અકબર, અલ્લાહુ અકબર લા ઈલાહ ઈલલ્લાહુ વલ્લાહુ અકબર અલ્લાહુ અકબર વલિલ્લાહિલહમ્દ**'' ત્યાર પછી તલ્બિયહ પઢો. દુરૂદ શરીફ પઢો. પછી દુઆ માંગો. (જે કિતાબોમાં લખેલી હોય તે પઢો)

જયાં દુઆઓ લખી છે. તે દુઆઓ ના આવડતી હોય તો પોતાની ભાષામાં દુઆ માંગો. આ ઘડી તમારી દુઆ કબૂલ થવાની છે. દીન-દુન્યાની ભલાઈઓ તમન્નાઓ પુરી થવાની દુઆ માંગો. અલ્લાહતઆલા આ ટાઇમે માંગેલી દુઆ રદ નથી કરતા. સૌથી મહત્વની દુઆ આ છે. યા અલ્લાહ મને હિસાબ કિતાબ વગર જન્નતમાં દાખલો નસીબ ફરમાવ.

(૯) ઉમરાહનો તરીકો

અગર અગર આપને પ્લેન ઉપડ્યા પછી દોઢ કલાકે ઉમરાહની નિયત કરવી હોય અથવા ઉમરહનો એહરામ અમદાવાદ અથવા મુંબઈથી બાંધ્યો છે તેનો હવે તવાફની નિય્યત કરવી.

તવાફની નિય્યત

યા અલ્લાહ તારા પાક ઘરનો તવાફ કરવાની નિય્યત કરૂં છું. મારા માટે આસાન બનાવી દે તવાફ તારી ખુશનુદી

હાસિલ કરવા માટે કરૂં છું. તેને કબૂલ ફરમાવ.ત્યારબાદ મર્દોએ અવાઝથી લબ્બૈક પઢવું ઔરતો એ ધીમા અવાઝેપઢવુ,લબ્બૈક એકવાર પઢવું વાજિબ છે. ત્રણવાર સુન્નત છે.

(૧૦) ઉમરહના અહકામ

એહરામ	ઉમરહ માટે શર્ત (ફર્ઝ) છે.
તવાફે કાબા	ઉમરહનો ખાસ અમલ છે. ખાનએ કાબાનાં સાત ચક્કર લગાવવા ફર્ઝ છે.
સફા-મરવહની સઈ	જરૂરી અમલ છે ૭ ફેરા સફા-મરવહની પહાડીઓ દરમ્યાન લગાવવા.વાજિબ છે.
હલક - (માથું મુંડાવવું) (મર્દો માટે)	વાજિબ અમલ છે.
કસર -(બાલ નાના કરાવવા) (ઔરતો માટે)	વાજિબ અમલ છે.

ઉમરાહના અમલ એક નઝરમાં

(૧) એહરામની બે રકાત નમાઝ પઢવી.
(૨) માથા પરથી કપડું હટાવી ઉમરહની નિય્યત કરી લબ્બૈક પઢવું.
(૩) તવાફના સાત ચક્કર અને આઠ બોસા આપવા.
(૪) બે રકાત વાજિબુત્તવાફ પઢવી.

(૫) ઝમઝમનું પાણી પીવું.
(૬) નવમો બોસો આપવો.
(૭) સફા મરવહની સઈ કરવી.
(૮) હલક કરાવવું એટલે માથું મુંડાવવું.

(૧૧) તવાફ

તવાફ શરૂ કરવાની જગા તો ''**હજરેઅસ્વદ**'' છે. ત્યાંથી તવાફ શરૂ કરો, જ્યાં હજરે અસ્વદ લાગેલો છે. ત્યાંના ખૂણાથી એક કાળી પટ્ટીની લાઈન બહાર સુધી દોરેલી છે. એટલે તવાફ કરનારો ગમે તેટલો દૂર હોય અને ભીડ હોય તો પણ કાળી પટ્ટી પર આવવાથી, તે હજરે અસ્વદની સામે આવી જાય છે.

તમો કાળી પટ્ટીથી અડધો ફુટ જેટલા ડાબી બાજું બયતુલ્લાહ સામે મોં રાખી ઉભા રહો કે હજરે અસ્વદ તમારા જમણા ખભાથી બહાર હશે. અગર શક્ય હોય તો હજરે અસ્વદને બોસો આપો અથવા સ્પર્શ કરો અને દૂર હોય તો હાથથી ઈશારો કરી હાથને ચુંમી લો.

ભીડ વધારે હોય તો દૂરથી કાનોં સુધી હાથ ઉઠાવો (જેમ કે નમાઝમાં રકાત) બાંધતી વખતે ઉઠાવીએ છીએ એવી રીતે ઉઠાવી પછી આ દુઆ પઢો.
''**બિસ્મિલ્લાહિ અલ્લાહુ અકબર વલિલ્લાહિલ હમ્દ.**'' પછી તવાફ શરૂ કરી દો એટલે કે જમણી બાજુ કાબા

શરીફના દરવાઝા તરફ ચાલો પહેલાં ત્રણ ચક્કરમાં તેજ કદમ ચાલો (દોડવું નહી) ફક્ત પુરૂષો માટે સુન્નત છે. જેમને પછી સઈ કરવાની છે. તવફ કરતાં આ દુઆ પઢો.
''**સુબ્હાનલ્લાહિ વ્લહમ્દુલિલ્લાહિ વ લા ઈલાહ ઈલલ્લાહુ વલ્લાહુ અકબર વ લા હવ્લ વલા કુવ્વત ઈલ્લા બિલ્લાહિલ અલીય્યીલ અજીમ**''

આગર આ દુઆ યાદ ન હોય તો, ''**સુબ્હાનલ્લાહ, અલહમ્દુ લિલ્લાહ, અલ્લાહુ અકબર**'' પઢતા રહો અને જે દુઆ માંગવી હોય તે માંગતા રહો.

કાબા શરીફના ચોથા ખૂણાને રૂકને યમાની કેહવાય છે. ત્યાંથી હજરે અસ્વદ પહોંચતા સુધી આ દુઆ પઢો.
''**રબ્બના આતિના ફિદ દુન્યા હસનતંવ વફીલ આખિરતિ હસનતંવ વ કિના અઝાબન્નાર**''

આ પ્રમાણે કાબા શરીફની ચોરેય બાજુ ફરીને સાત ચક્કર પૂરા કરવાના છે. દરેક ચક્કર હજરે અસ્વદથી શરૂ થશે અને ત્યાંજ આવીને પૂરૂં થશે દરેક ચક્કર પૂરૂં થાય એટલે ''**બિસ્મિલ્લાહિ અલ્લાહુ અકબર વલિલ્લાહિલ હમ્દ**'' પઢીને દર વખતે હજરે અસ્વદને બોસો આપવો.

આવી રીતે જયારે સાતમો ચક્કર પૂરો કરો તો હજરે અસ્વદને બોસો આપો. હવે આપનો તવાફ પૂરો થયો.

તવાફમાં ત્રણ અમલ જરૂરી છે.

(૧) પાકીની હાલત (૨) વુઝું (૩) નિય્યત કરવી.

તવાફની બે રકાઅત નમાઝ

તવાફના સાત ચક્કર પૂરા થયા હવે આપ તવાફની બે રકાત નમાઝ પઢો. આ બે રકાત નમાઝ મકામે ઈબ્રાહીમ પર પઢો અગર ભીડના કારણે તે જગ્યાએ નમાઝ ન પઢી શકાય તો આસપાસમાં જ્યાં જગ્યા મળે ત્યાં પઢી લો. મકામે ઈબ્રાહીમની જારીને હાથ લગાવવો કે બોસો આપવો મના છે.

નમાઝની સલામ ફેરવી ખુબખુબ દુઆઓ માંગો.

(૧૨) મુલ્તઝમ

નમાઝથી ફારિગ થઈ મુલ્તઝમ પર આવો (હજરે અસ્વદ અને કાબાના દરવાજાની વચમાં લગભગ અઢી ગઝની જગા છે તેને મુલ્તઝમ કહે છે.) મુલ્તઝમનો અર્થ (તે જગ્યાને ચીમટવા અને વળગવાની જગા) છે આ જગા ખાસ દુઆ કબૂલ થવાની જગા છે. (આપ સલલ્લાહુ અલયહિ વ સલ્લમ) પણ મુલ્તઝમને વળગીને દુઆ માંગતા હતા તમો પણ મૌકો મળે તો વળગીને ખુબ આજીઝી અને દર્દેદિલથી દુઆઓ માંગો. જે ભાષામાં દુઆ માંગી શકો તેમાં માંગો જહન્નમથી છૂટકારો અને જન્નતમાં

વિના હિસાબ કિતાબ દાખલ થવાની દુઆ જરૂર માંગો. પોતાની અવલાદ માટે, માં-બાપ માટે તથા સગાઓ અને દોસ્તો માટે પણ દુઆ માંગો. સાથે સાથે સમસ્ત માનવ જાતની હિદાયત માટે પણ અચૂક દુઆ માંગો.

(૧૩) હતીમ

બયતુલ્લાહની ઉત્તર દિશાએ બયતુલ્લાહને અડીને જ જમીનનો અમુક ભાગ છે. જે અંગ્રેજીના (U) જેવા આકારનો બનાવેલ છે. બયતુલ્લાહની તામીર વખતે હલાલ માલ ઓછો હોવાને કારણે તે જગા બયતુલ્લાહમાંથી છ ગઝની છોડી દેવામાં આવી આ છોડેલા ભાગને હતીમ કેહવામાં આવે છે.

જો આપને આ ભાગ (હતીમ)માં નમાઝ પઢવાનો મૌકો મળે તો જરૂરથી પઢી લેશો એ એમજ ગણાશે કે તમોએ બયતુલ્લાહમાં નમાઝ પઢી.

(૧૪) ઝમઝમનું પાણી પીવું

મુલ્તઝમ પર દુઆ માંગી ઝમઝમના કુવા પાસે આવો, અને કિબ્લા તરફ મોં કરીને ઉભા રહી ''બિસ્મિલ્લાહ'' પઢી ત્રણ શ્વાંસમાં ખૂબ પેટ ભરીને ઝમઝમનું પાણી પીઓ. ઝમઝમનું પાણી પોતાના ઘર કે હરમ શરીફમાં પીવાનો અવસર મળે તો બેસીને તથા ઉભા રહીને બંન્ને રીતે પી શકાય છે.

ઝમઝમનું પાણી બીજા અન્ય શહેરોમાં બરકત માટે લઈ જવું અને લોકોને પીવડાવવું મુસ્તહબ છે અને બીમારોને પણ પાવું જોઈએ.

ઝમઝમના પાણીમાં ત્રણ ખુબીઓ એવી છે જે બીજા કોઈપણ પાણીમાં નથી. (૧) તરસ છીપાવે છે. (૨) ખોરાકનું કામ આપે છે. (૩) મૌત સિવાય દરેક બીમારી માટે શિફા છે. તેનું વર્ણન હદીષમાં પણ આવ્યું છે.

ઝમઝમનો કુવો હરમ શરીફના સહેનમાં ભોંયરામાં છે તમો કાબા તરફ મોં કરીને ઉભા રહો તો ઝમઝમનો કુવો તમારા પાછળ હશે હરમના દરવાજા થી લગભગ ૨૦૦ ફુટ દુર છે.

સહુલત માટે હરમ શરીફમાં ઠેર ઠેર ઘણી સંખ્યામાં સુંદર કુલર ઝમઝમ ભરેલા મુકવામાં આવેલા છે. હરમની બહાર પણ ઝમઝમ પાણીના નળ મુકવામાં આવેલા છે. તવાફથી ફારીગ થઈ હવે સફા મરવહની સઈ કરો.

(૧૫) સફા-મરવહ દરમ્યાન સઈ

સફા-મરવહ વચ્ચે સાત ચક્કર લગાવવાને શરીઅતની ભાષામાં ''**સઈ**'' કેહવામાં આવે છે. હજ્જ-ઉમરહ કરનાર માટે ''**સઈ**'' કરવી વાજિબ છે.

સફા-મરવહની સઈ કરવાની જગા બે માળની બનાવી છે ઉપરના માળમાં જવા માટે ઈલેક્ટ્રીકલ સીડીઓ છે અને

સાદી સીડીઓ પણ છે. સફા પહાડી પર ઉપરના ભાગે એક ઓફિસ છે. ત્યાં માઝૂર અને બિમારો માટે ચેર (ખૂરશી) આપવામાં આવે છે. આપ વ્હીલ ચેર લઈ તવાફ કરાવ્યા પછી તેજ ઓફિસે પાછી જમા કરાવી દો. વ્હીલ ચેર પર મજૂરી લઈને ચલાવનારા પણ હોય છે. આપ મજૂરી નક્કી કરી તેનો ઉપયોગ પણ કરી શકો છો.

પહેલા સફા પહાડી પર પહોંચી કાબા શરીફ તરફ મોં કરી ''**સઈ**'' ની નિય્યત આ પ્રમાણે કરો. ''યા અલ્લાહ આપની રઝામંદી માટે સફા-મરવાની સઈ કરૂં છું. તું આસાન ફરમાવ અને કબૂલ ફરમાવ'' પછી બંન્નેવ હાથ આસમાન તરફ ઉઠાવી કલિમએ તોહીદ પઢો.

''**લા ઈલાહ ઈલલ્લાહુ વહદહુ લા શરીક લહુ લહુલ મુલ્કુ વલહુલ હમ્દુ વહુવ અલા કુલ્લિ શયઈન કદીર**''

પછી ત્રીજો કલ્મહ પઢો.

''**સુબ્હાનલ્લાહિ વલ હમ્દુ લિલ્લાહિ વલા ઈલાહ ઈલ્લલ્લાહુ વલ્લાહુ અકબર વલા હવલ વલા કુવ્વત ઈલ્લા બિલ્લાહિલ અલિય્યિલ અજીમ**''

અને ખુબ ઈત્મિનાન થી દુઆ કરો અને જેટલું થોભી શકાય તેટલી વાર થોભો. પછી મરવહ પહાડ તરફ ચાલો અને ત્રીજો કલ્મએ તમ્જીદ પઢતા રહો.

સઈ કરતી વખતે બે લીલા થાંભલા વચ્ચેના ગાળામાં જલ્દી ચાલવું સુન્નત છે. સફાથી મરવહ સુધી જવાને એક ચક્કર કહે છે. એવી રીતે સાતમો ચક્કર મરવહ પર પૂરો થશે. દરેક ચક્કરમાં સફા અને મરવહ પર પહોંચીને કાબા શરીફ તરફ મોં કરી બંન્નેવ હાથ ઉઠાવી આ દુઆ પઢો.

''**બિસ્મિલ્લાહિ અલ્લાહુ અકબર વલિલ્લાહિલહમ્દ**'' સાતમા ચક્કર પછી મરવહ પર આપની સઈ પૂરી થશે, હવે પુરુષો માથાના બાલ મુંડાવે ઔરતો આંગળીના પોરવા બરાબર ઓછા કરાવે.

હવે આપનો ઉમરહ પૂરો થયો અને આપ એહરામ અને એહરામની પાબંદીયોથી ફારિગ થઈ ગયા. અને હવે સીવેલા કપડાં પહેરવા નહાવું, ખૂશ્બૂ લગાવવી વિગેરે જાઈઝ છે.

યાદ રાખો :

હવે પછી જયારે ૮, જીલ્હજ્જના રોજ હજ્જ માટે મક્કા શરીફથી મિના જવાનું થાય ત્યારે હજ્જનો એહરામ બાંધવાનો છે. ત્યાં સુધી તમારે મક્કા શરીફમાં રેહવાનું છે.

હજ્જે તમત્તુઅમાં પહેલા ઉમરાહનો અને પછી હજ્જનું એહરામ બાંધવાનું હોય છે. બંન્નેનું એહરામ અલગ અલગ બાંધવામાં આવે છે. મિકાતથી પહેલા ફક્ત ઉમરહનું

એહરામ બાંધવામાં આવે છે. અને ઉમરાહના બધા અરકાન અદા કર્યા પછી એહરામ ખોલી નાખવામાં આવે છે. ત્યારબાદ ૮, જીલ્હજ્જના રોજ હજ્જની નિય્યત કરી હજ્જનો એહરામ બાંધવામાં આવે છે.

(૧૬) મક્કા શરીફમાં રોકાણ

મક્કા શરીફ આપને ૮, જીલ્હજ્જ સુધી વગર એહરામે રહેવાનું છે. આ સમયગાળાની મિનિટે મિનિટની કદર કરશો બેકાર કામોમાં સમય બરબાદ થવા દેશો નહી વધુ સમય મસ્જિદે હરામ પસાર કરો. દરેક નમાઝ હરમ શરીફમાં જમાઅત સાથે અદા કરો. જમાઅતથી નમાઝ પઢવાની હરગીઝ ન છોડો, મસ્જિદે હરામમાં જમાઅત સાથે એક નમાઝ પઢવાનો સવાબ એક લાખ નમાઝ બરાબર છે.

યથા શક્તિ પ્રમાણે વધુ પ્રમાણમાં તવાફ કરતા રહો કારણ કે તવાફ કરવાની સઆદત ફક્ત ખાનએ કાબામાં જ નસીબ થાય છે. તેની કદર કરો. સાથે કુરઆન મજીદની તિલાવત પણ ખૂબ કરો. હરમમાં બેસી એક વખતતો કુરઆન શરીફ જરૂરથી પુરૂં કરો.

હિંમત રાખી નફલ તવાફ પણ કરતા રહો. સૌથી પહેલો નફલ તવાફ હુઝુર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના માટે કરવામાં આવે અને તવાફ કરતાં કરતાં ફક્ત દુરૂદ શરીફ

પઢવામાં આવે, ત્યાર બાદ ખુલફાએ રાશેદીન માટે તથા તમારા મર્હુમો માટે તથા મુહસિનો (એહસાન કરનાર) માટે પણ તવાફ કરશો. આ મૌકો વાંરવાર નસીબ થતો નથી.

દરેક તવાફ પછી બે રકાત નમાઝ પઢવી જરૂરી છે. બે રકાત પઢ્યા પછી જ બીજો તવાફ શરૂ કરવો. અસરની નમાઝ પછી નફલ પઢી શકાતી નથી. માટે અસરબાદ કરેલા તવાફની નમાઝ મગરિબ બાદ પઢવી જોઈએ.

ઔરતો માટે ફર્ઝ નમાઝો પણ પોતાના રૂમમાં જ પઢવી મુસ્તહબ અને અફઝલ છે. અને તેમને પણ હરમ શરીફમાં જમાઅત સાથે નમાઝ પઢવા બરાબર (લાખો નમાઝનો) સવાબ મળશે, અગર ઔરતો હરમમાં નમાઝ પઢવા ચાહે તો તે જગાએ પઢે જયાં ફક્ત ઔરતો જ ઈબાદત કરે છે.

અગર હરમમાં ખાલી બેસવાનું થાય તો મોહબ્બત અને અઝમત સાથે બયતુલ્લાહના દીદાર વારંવાર કરતા રહેશો. આ અલ્લાહતઆલાનું તે ઘર છે. જેના તરફ જોવું પણ ઈબાદત છે.

હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.) ફરમાવે છે કે, આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ફરમાવ્યું કે, અલ્લાહતઆલા કાબાતુલ્લાહ પર હર વખત (૧૨૦) રહમતો ઉતારે છે. જેમાંથી (૬૦) તવાફ કરનાઓ ઉપર (૪૦) નમાઝ પઢનારાઓ ઉપર અને (૨૦) કાબા શરીફને

જોવાવાળા ઉપર ઉતરે છે. (તિબરાની)

મતલબ કે બયતુલ્લાહમાં હાજર થનાર નમાઝ, તવાફ, અને બયલુલ્લાહના દીદાર, ત્રણેવ અમલ કરે છે માટે તે (૧૨૦) રહમતોનો હકદાર થશે.

કિયામત સુધી માત્ર આજ ઘર ખુદા પરસ્તો માટે કિબ્લહ છે. અને તવાફ કરવાની મુબારક જગા છે.

(૧૭) હજ્જની અદાયગી

૮, જીલ્હજ્જના રોજ એહરામ બાંધી મિના રવાનગી :

જીલ્હજ્જની આઠમા (૮) ચાંદથી હજ્જના અરકાનો શરૂ થઈ જાય છે. સૂરજ તુલુઅ થયા પછી એહરામની હાલતમાં બધા હાજીઓને મિના જવાનું છે માટે સવારે એહરામ બાંધીલો સામાન્ય રીતે ૮, જીલ્હજ્જના રોજ રાત્રે ઈશાં બાદ મક્કાથી મિના લઈ જાય છે. ગુસલ કરી એહરામ બાંધી તૈયાર રહો. સહુલત હોય તો એહરામ બાંધી હરમમાં આવી તવાફ કરો (જરૂરી નથી) નફલ નમાઝ પઢી બે રકાત વાજિબુત્તવાફ પઢો. પછી

હજ્જના એહરામની નિય્યત

હજ્જના એહરામની નિય્યત આ પ્રમાણે કરો, ''યા અલ્લાહ હું આપની રજામંદી માટે હજ્જનો ઈરાદો કરૂં છું આપ મારા માટે આસાન ફરમાવી કબૂલ ફરમાવો.''

પછી તલબિયહ પઢો - એકવાર પઢવું જરૂરી છે. ત્રણ વાર પઢવું સુન્નત છે. પછી જે ચાહો તે દુઆઓ માંગો.

હજ્જ ની નિય્યત કરવાથી અને તલબિયહ પઢવાથી ફરીવાર એહરામની પાબંદીયો લાગું થશે.

હવે ૧૦, જીલ્હજ્જ ના રોજ કુર્બાની કર્યા પછી જ્યારે માથું મુંડાવશો ત્યારે આપનો એહરામ ખત્મ થશે અલબત સોહબતની પાબંદી તવાફે ઝિયારત ન કરવામાં આવે ત્યાં સુધી બાકી રહેશે. બાકી નહાવું ધોવું, ખૂશ્બૂ લગાડવી જાઈઝ છે.

(૧૮) હજ્જના ત્રણ ફર્ઝો અને સાત વાજિબ અમલો છે.

(૧) એહરામ બાંધવું (૨) અરફાતમાં હાજરી (૩) તવાફે ઝિયારત કરવો ફર્ઝ છે.

વાજિબ અમલો સાત છે.

(૧) મુઝદલેફહમાં સુબ્હ સાદીક થી તુલુઅ દરમ્યાન રોકાવવું.

(૨) ૧૦ જીલ્હજ્જે મોટા શેતાનને કાંકરી મારવી

(૩) કુર્બાની કરવી.

(૪) માથું મુંડાવવું.

(૫) સફા મરવાની સઈ કરવી.

(૬) ૧૧,૧૨, જીલ્હજ્જના રોજ ત્રણે શૈતાનને સાત સાત કાંકરીયો મારવી.

(૭) તવાફે વિદાઅ કરવો.

તવાફે વિદાઅ પછી નફલ તવાફ કરી શકાય છે.

૮, જીલ્હજ્જ ના રોજ એહરામ બાંધી મિના જવાનું છે. જે મક્કહ શરીફથી સાડાત્રણ માઈલ દૂર છે. મુઅલ્લિમની ગાડી આપને મિના લઈ જશે. હવે તમારી મક્કહ શરીફમાં વાપસી. **૧૨ જીલ્હજ્જ**ના રોજ થશે માટે તમો જરૂરી સામાન સાથે લઈ લેશો. મિનામાં પણ બઝાર છે. ત્યાંથી પણ ખરીદી શકો છો. માટે થોડી રકમ સાથે લઈજવી.

મિના જતી વખતે મુઅલ્લિમ તરફથી એક કાર્ડ આપવામાં આવશે તેમાં મુઅલ્લિમનો ફોન નંબર તથા તંબુ નંબર લખેલો હશે માટે કાર્ડ સાચવીને રાખશો. મિનામાં જે તંબુમાં આપને રોકાવવાનું છે ત્યાં પહોંચી આપ આરામ કરો.

મિનામાં હઝારો તંબુ એક જેવા હોવાથી ભૂલા પડી જવાનો સંભવ છે. માટે વગર જરૂરે બહાર જવું નહી. આપના તંબુનો નંબર યાદ રાખી નીચેની વિગતો સમજીલો.

જયારે શૈતાનને કાંકરીયો મારવા જવાનું થાય તો આપના તંબૂનો નંબર દા.ત. ૧૧ છે, તો આ નંબર યાદ રાખો પછી તંબુના મેઈન ગેટ પર ઉંચા થાંભલા ઉપર લખેલો નંબર યાદ રાખો અથવા લખી લો. દા.ત. આપના તંબુના મેઈન ગેટના થાંભલાનો નંબર ૪૧/૬ છે. એનો અર્થ એ છે કે ૪૧ નંબરના રોડ ઉપર ૬ નંબરના મેઈન ગેટમાં આપનો ૧૧ નંબરનો તંબુ આવેલો છે.

બીજા કોઈને આપનું એડ્રેસ આપવું હોય તો આ પ્રમાણે આપશો - ૪૧/૬ માં ૧૧ નંબરનો તંબુ. આનાથી તે માણસ ગુંચવાડા વગર આપના તંબુમાં પહોંચી જશે.

આજે ૮, **જિલ્હજજ**ના દિવસે કોઈ ખાસ કામ કરવાનું નથી. ફક્ત ઝહોર, અસર, મગરિબ, ઈશાં અને ૯, **જીલ્હજજ**ની ફઝરની નમાઝ મિનાના તંબુમાં અદા કરવાની છે. ૮, **જીલ્હજજ** નો દિવસ અને રાત્રી મિનામાં પસાર

કરવાની છે. નમાઝના ટાઇમે નમાઝો, તિલાવત તેમજ દુઆઓમાં મશ્ગુલ રહેશો. પોતાના સાથીદારોને પણ આવા અમલ કરવાની તરગીબ આપશો.

હજજના દિવસોમાં મિનામાં જુમ્આની નમાઝ પઢવું જાઈઝ છે.

(૧૯) ૯, જીલ્હજજ, અરફાત માટે રવાનગી

૯, જીલ્હજજના ફઝરમાં સૂરજ તુલુઅ થયા પછી મિનાથી ''અરફાત'' જવાનું છે. મિનાથી અરફાત લગભગ-૬ માઈલ છે. (૩ માઈલ ચાલ્યા પછી મુઝદલફ્ફ આવશે, ત્યાં આજે રાત્રે અરફાતથી આવીને રાત ગુજારવાની છે.) પણ અત્યારે અરફાત જતાં રોકાવાનું નથી. તમો થોડીવારમાં અરફાતના મૈદાનમાં પહોંચી જશો, તલબિયહ પઢવામાં ગફલત ના થાય તેનું ધ્યાન રાખશો.

આજે મગફિરતનો દિવસ છે, આજે અરફાતનો દિવસ છે હજજનો મોટો રૂકન છે. જેના વગર હજજ થશે નહી. અરફાતમાં ઝવાલ પછી રોકાણ કરવાનો સમય શરૂ થઈ જાય છે (ગુસલની વ્યવસ્થા હોય તો ગુસલ કરીલો નહીતર વુંઝુ કરીલો) માટે ઝહોર પહેલાં અરફાતના મૈદાનમાં પહોંચી જવું.

અરફાતના મૈદાનમાં તમારી નજર ''જબલેરહમત'' ઉપર પડશે આ તે પહાડ છે. જયાંથી હુઝુર સલ્લલ્લાહુ અલયહિ

વ સલ્લમએ એક લાખથી વધું સહાબા(રદિ.)ને ખિતાબ ફરમાવ્યો હતો જેને ''**ખુત્બએ હજજતુલ વિદાઅ**'' કેહવામાં આવે છે.

અરફાત પહોંચી પોતાના તંબુમાં થોભો અને ઝવાલ થતાં પહેલાં ખાવા-પીવા તેમજ બીજી જરૂરિયાત થી ફારિગ થઈ જાઓ. ઝવાલથી પહેલાં તૌબા ઈસ્તિગફારમાં લાગી જાઓ અને ઝોહર-અસરની નમાઝ અરફાતમાં પોતોના (તંબુમાં જ જમાઅત સાથે રોજના સમય પ્રમાણે પઢવી)

(અરફાતમાં જુમ્આની નમાઝ પઢવી જાઈઝ નથી)

ઝહોરની નમાઝ પછી વુકુફમાં મશ્ગુલ થઈ જાઓ શક્ય હોય તો તડકામાં ઉભા રહી કિબ્લા તરફ મોં કરી દુઆ ઈસ્તિગફાર,તિલાવત અને તલબિયહ પઢવાનું ચાલુ રાખો. બીમાર તથા અશ્કતો છાંયડામાં પણ ઉભા રહી શકે છે. અને બેસી શકે છે. બલ્કે સુઈ પણ શકે છે. **અરફાતના મૈદાનમાં ઝોહરથી સૂરજ ગુરૂબ થતાં સુધીના થોડા કલાકો વિતાવવા આખી હજજનો નિચોડ છે.** માટે એક સેકન્ડ પણ બરબાદના કરશો.

જયારે તડકો ફીકો પડે તો તલબિયહ પઢતા પઢતા ''**જબલે રહમત**'' તરફ જાઓ. અને ત્યાં પણ ખુબ આજિઝી સાથે દુઆ કરો. (જે લોકો પાસે આ કિતાબ છે તેમને પણ નાચીઝ માટે ઈમાન સાથે ખાતિમહની અને મગફિરતની દુઆ જરૂર કરશો આપનો એહસાન ગણાશે.

''વક્ત પર ભૂલ ન જાના જરા યે યાદ રહે''

આ મુબારક અરફાતનું મયદાન, જબલે રહમત અને તેમાં રોકાણનો સમય દુઆઓ કબૂલ થવાનો સમય છે. આવો મુબારક મૌકો વારંવાર નસીબ થતો નથી. એટલે દરેક દુઆ દિલથી માંગો, ''ગયા વક્ત ફિર હાથ આતા નહી'' કહેવત યાદ રાખી અહીંયાની બરકતો ખૂબ ખૂબ વસુલ કરો.

અરફાતના મૈદાનથી સૂરજ ગુરૂબ થયા પછી મગરિબની નમાઝ પઢ્યા સિવાય મુઝદલિફહ રવાના થવાનું છે.

(૨૦) અરફાતથી મુઝદલિફહ રવાનગી

અરફાતથી મુઝદલિફહ ૩ માઈલ દૂર છે, ત્યાં પહોંચી ''અશ્અરે હરામ'' પાસે અલ્લાહના ઝિક્રમાં મશ્ગુલ રહો. ઈશાંની નમાજ પહેલાં મુઝદલિફહ પહોંચી ગયા હોવ તો ઈશાંની નમાઝના ટાઇમની રાહ જુઓ. જયારે ઈશાંની

નમાઝનો ટાઈમ થાય તો મગરિબ અને ઈશાંની બંન્નેવ નમાઝો એવી રીતે પઢો કે પહેલાં મગરિબની ત્રણ ફર્ઝ પછી ઈશાંની બે રકાત ફર્ઝ પઢવી. ત્યારબાદ મગરિબની સુન્નતો ને નવાફિલ ત્યાર પછી ઈશાની સુન્નતો અને નવાફિલ અને વિતર પઢશો. મુઝદલિફહમાં મગરિબ અને ઈશાંની નમાઝ જમાઅતથી પઢવી જરૂરી નથી. ચાહો તો જમાઅતથી પઢો અથવા એકલા પઢો.

નમાઝથી ફારિગ થઈ તસ્બીહ, ઈસ્તિગફાર અને દુઆ માંગી થોડીવાર આરામ કરીલો.

મુઝદલિફહમાં રાત્રી રોકાણની રાત હાજીઓ માટે ''શબે કદ્રથી પણ અફઝલ રાત છે'' માટે થોડો આરામ કરી વધું સમય દુઆ ઝિક્રમાં વિતાવશો.

ફઝરની નમાઝ સુબ્હે સાદિક થયા પછી અંધારામાં જ પઢીલો. સુબ્હે સાદિકના સમયે હુકુમત તરફથી તોપગોળો ફોડવામાં આવે છે. તેની આવાઝ સાંભળ્યા પછી જ નમાઝે ફઝર અદા કરવી.

મુઝદલિફહમાં રોકાણનો સમય સુબ્હે સાદિક પછી શરૂ થઈ સૂરજ ઉગતાં પહેલાં સુધી રહે છે જે લગભગ દોઢ કલાકનો સમય થાય છે. તેટલો સમય મુઝદલિફહમાં રોકાવું

વાજિબ છે.

મુઝદલિફહથી મિનામાં પોતાનું રેહઠાણનું સરનામું યાદ હોય તો પૈદલ જવામાં જલ્દી પહોંચી જશો.

મુઝદલિફહથી શૈતાનને કાંકરીયો મારવા માટે ૭૦ સિત્તેર કાંકરીયો મુઝદલિફહથી સાથે લઈલો. (ચણાજેવડી અથવા ખજૂરના ઠળિયા જેટલી)

(૨૧) ૧૦, જીલ્હજ્જ , મિનામાં કિયામ અને શૈતાનને કાંકરીઓ મારવી

૧૦, જીલ્હજ્જે હજ્જના અરકાન અદા કરવાના હોવાથી ઈદની નમાઝ હાજીઓને માફ કરવામાં આવી છે બસ ! આજની ઈદ હાજીઓ માટે શૈતાનને કાંકરીયો મારવી. કુર્બાની કરવી તથા માથું મુંડાવવું ત્યારબાદ એહરામ ખોલી તવાફે ઝિયારત કરવાનો છે.

મિના પહોંચી આખરી જમરા (મોટા શૈતાનને) સાત કાંકરીઓ મારવી. આજે ૧૦, જીલ્હજ્જના ફક્ત એક જ જમરએ ઉકબા એટલે મોટા શૈતાનને કાંકરીયો મારવાની છે કાંકરીઓ મારી લબ્બૈક પઢવાનું બંધ કરો પછી કુર્બાની કરો (કાંકરીયો મારવાનો સુન્ન ત સમય સુરજ તુલુઅ થયા પછી ઝવાલ સુધી છે. કોઈ મગરિબ સુધીમાં મારે તો પણ

જાઈઝ છે. ત્યાર પછી મકરૂહ છે.

શૈતાનને કાંકરીયો મારવા જવાનો રસ્તો પહોળો કરી દીધો છે. અને ડબલ માળ બનાવી દીધા છે. બીમાર, ઘરડાં અને સ્ત્રીઓ તથા છોકરીઓએ ઉપરના માળમાં રમી કરવી હિતાવહ છે, નીચેના માળમાં ભીડના કારણે કચડાઈ જવાનો ભય રહે છે.

રસ્તામાં ચાલતાં કોઈ વસ્તુ પડી જાય અથવા ચંપલ નિકળી જાય તો લેવા માટે નીચા નમવું નહી કારણકે ભીડના કારણે કચડાઈ જવાય છે.

ઉલ્માએ કિરામે મશ્વરો આપ્યો છે કે તમો ઝવાલ પછી રમી કરો, બલ્કે છોકરાઓ, ઔરતો મગરિબ બાદ રમી કરશે તો ભીડ નહી હોય અને રાહત થી રમી થશે.

૧૦, જીલ્હજ્જના તો ફક્ત મોટા શૈતાનને જ કાંકરીયો મારવાની છે, ત્યાર પછી ૧૧, જીલ્હજ્જ અને ૧૨, જીલ્હજ્જના રોજ ત્રણેવ શૈતાનોને કાંકરીયો મારવાની છે.

(૨૨) કાંકરીયો મારવાનો તરીકો

કાંકરીયો એવી રીતે મારો કે થાંભલાની જડમાં અથવા આસપાસ જ્યાં કાંકરીઓ પડી છે ત્યાં પડવી જોઈએ. કાંકરી થાંભલાની જડથી ૩ હાથ અથવા તેનાથી વધુ દૂર

પડશે તો કાંકરી મારેલી ગણાશે નહી, તેને ફરીથી મારવી પડશે, નહી મારો તો દમ વાજિબ થશે.

સાતેવ કાંકરીયો એક સાથે મારી દીધી તો પણ એક જ કાંકરી મારી ગણાશે. બાકીની ૬ કાંકરીયો મારવાની છુટીજવાથી **તેનો દમ આપવો પડશે.**

કાંકરીયો મારતી વખતે આ દુઆ પઢો. ''**બિસ્મિલ્લાહિ અલ્લાહુ અકબર રગમન લિશ્શયતાનિ વ રિદન લિ ર્રહમાન**''

(૨૩) કુર્બાની

૧૦, જીલ્હજ્જના શૈતાનને કાંકરી માર્યા પછી કુર્બાની કરો પછી બાલ મુંડાવીને એહરામ ખોલી નાખો, પોતાની કુર્બાની સાથે શક્ય હોય તો હુઝુર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ તરફથી કુર્બાની કરવી જોઈએ.

હાજી માટે બે કુર્બાનીઓ છે. એક તો હજ્જની કુર્બાની અને બીજી ઈદૂલ અદહાની કુર્બાની જે દર વર્ષે વાજિબ છે. બીજી કુર્બાની પોતાના વતનમાં ઘરનાં માણસો પણ કરી શકે છે. મક્કામાં કરવી જરૂરી નથી.

જો ભીડના કારણે ૧૦, જીલ્હજ્જના કુર્બાની ના કરી શકો તો બીજા દિવસે પણ કરી શકો છો હા એ વાત નક્કી છે કે જ્યાં સુધી કુર્બાની નહી કરો ત્યાં સુધી બાલ

મુંડાવી શકતા નથી તથા એહરામ ખોલી શકતા નથી.

હજામતથી ફારિગ થયા પછી આપનો એહરામ ખોલી નાખો. હવે સીવેલા કપડાં પેહરી શકાય, ન્હાવું ધોવું કે ખુશ્બું લગાવવી જાઈઝ છે. પણ પોતાની પત્નિ સાથે **તવાફે ઝિયારત** કર્યા સિવાય સોહબત કરવી જાઈઝ નથી.

(૨૪) તવાફે ઝિયારત

તવાફે ઝિયારત કરવો હજ્જનો રૂકન છે અને ફર્ઝ છે. તવાફે ઝિયારતનો સમય ૧૦, જીલ્હજ્જથી ૧૨, જીલ્હજ્જના મગરિબ સુધી કરવો જાઈઝ છે. **આ તવાફે ઝિયારત કોઈ પણ હાલમાં માફ નથી.** અને જ્યાં સુધી તે કરવામાં નહી આવે **તો પોતાની ઔરત તેના માટે હરામ જ રહેશે.**

તવાફે ઝિયારત કરવાના સમયે ઔરતને માસિક આવી જાય તો તે પાક થાય ત્યાં સુધી તવાફ કરી શકશે નહી.

ઔરત હૈજ થી ૧૨ જીલ્હજ્જના ગુરૂબ સુધી પણ પાક ના થઈ શકે તો તવાફે ઝિયારત છૂટી જવાથી કોઈ ગુનો થશે નહી તેમજ દમ લાગુ પડશે નહી.

તવાફે ઝિયારત કરી મિના પાછા જતા રહો કારણ કે તવાફે ઝિયારત કર્યા પછી તમારે બે રાતો અને બે દિવસ

મિનામાં રોકાવવાનું છે.

૧૧, ૧૨, ૧૩ જીલ્હજ્જ (ત્રણ દિવસને) હજ્જની પરિભાષામાં અય્યામે રમી (શૈતાનને કાંકરીયો મારવાના) દિવસો કેહવામાં આવે છે. આ દિવસોમાં રમી કરવી જ ઈબાદત છે. એટલા માટે મિનામાં રોકાવવું સુન્ન તે મુઅક્કદહ છે.

આ દિવસોમાં મિના સિવાય મક્કામાં રોકાવવું અથવા અન્ય કોઈ જગ્યાએ રોકાવવું મના છે.

૧૧, જીલ્હજ્જના દિવસે ત્રણેવ જમરાઓને કાંકરીયો મારવી જરૂરી છે. એનો ટાઇમ ઝવાલ પછી શરૂ થાય છે, માટે ઝોહરની નમાઝ અદા કરી રમી માટે રવાના થઈ જવું, રસ્તામાં સૌથી પહેલાં પહેલા શૈતાનને કાંકરીયો મારો અને દરેક કાંકરી પર કાંકરીયો મારવાની દુઆ પઢો.

(જુઓ પેજ..૪૦.. પર)

ત્યાર પછી આગળ ચાલો અને વચલા શૈતાનને ઉપર બતાવ્યા મુજબ કાંકરીયો મારો.

ત્યાર પછી મોટા શૈતાન પાસે આવો અને એજ પ્રમાણે કાંકરીયો મારો અને પોતાના તંબુમાં આવી જાવ.

૧૨, જીલ્હજ્જના રોજ પણ આવીજ રીતે શૈતાનને કાંકરીયો મારો તેનો સમય ઝવાલ પછી શરૂ થાય છે. શૈતાનને કાંકરી માર્યા પછી ૧૩, જીલ્હજ્જના રોજ રમી કરવી વાજિબ નથી પણ અફઝલ છે.

૧૨, જીલ્હજ્જના દિવસે શૈતાનને કાંકરી મારી મગરિબ પહેલાં મક્કા જવું હોય તો જઈ શકો છો, મગરિબ બાદ મક્કહ જવું મકરૂહ છે પછી તો મિનામાં રાત રોકાઈ ૧૩ જીલ્હજ્જના રોજ પછી ત્રણેવ શૈતાનને કાંકરીયો મારી પછી મક્કા જવું.

માશા અલ્લાહ ! આપના હજ્જના બધા અરકાનો પૂરા થઈગયા હવે ફક્ત તવાફે વિદાઅ કરવાનો બાકી છે.

(૨૫) તવાફે વિદાઅ

તવાફે વિદાઅ મક્કા શરીફથી પોતાના વતન પાછા ફરતી વખતે કરવો વાજિબ છે. હજ્જથી ફારિગ થઈ પોતાના વતન પાછા રવાના ચાહોતો જઈ શકો છો.

મક્કાથી રૂખસતી વખતનો તવાફ કરવો વાજિબ છે.

અગર ઔરતને માસિક આવી જાય અને મક્કાથી રવાના થતાં સુધી પાક ન થાય તો તેના માટે તવાફે વિદાઅ માફ થઈ જશે. આવી ઔરતે હરમ શરીફની બહાર ઉભા રહી દુઆ માંગી લેવી જોઈએ હરમ શરીફમાં દાખલ ન થઈ શકે.

તવાફે વિદાઅ પૂરો કરી બે રકાત નમાઝ પઢો પછી ખુબ પેટ ભરીને ઝમઝમનું પાણી પીવો. બદન પર લગાવો કાબા શરીફને બોસો આપો, કાબાનો પરદો પકડી ખુબ આજિઝી પૂર્વક દુઆ કરો. અને કાબાને છોડવાનો ગમ પૈદા કરી આંખોમાંથી આંસુ વહાવો, અને કઅબતુલ્લાહની જુદાઈ પર અફસોસ કરો, અને હરમ શરીફમાં અને બયતુલ્લાહમાં અદબ જાળવવામાં કોતાહી થઈ હોય તેની અલ્લાહથી માફી માંગો, અને બયતુલ્લાહથી બહાર નિકળવાની દુઆ પઢો.

''અલ્લાહુમ્મગ ફિરલી ઝુનુબી વફતહલી અબ્વાબ રહમતિક''

(૨૬) મક્કા મુકર્રમહની મુબારક જગાઓ

(૧) મવલદુન્નબી :– હુઝુર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની પયદાઈશની જગા. આ મકાન પોતાની જુની હાલતમાં નથી હાલનું મકાન તે જુની જગા પર જ બનાવેલું છે.

સફા પહાડીથી નજીક હરમથી બહાર આવો અને જમણા હાથ તરફ મકાનોની લાઈનમાં આગળ ચાલતા રહો બે ફલાંગ પછી જમણી બાજું આ મકાન આવશે.

(૨) જન્નતુલ મુઅલ્લા :– જન્નતુલ મુઅલ્લામાં હઝરત ખદીજહ (રદિ.) ની કબર છે અને આપના સુપુત્રો અને અબુતાલિબની કબર છે, અને સહાબા (રદિ.) અનેતાબેઈની કબરો છે, ત્યાં મર્હુમો માટે દુઆ કરો.

(૩) મસ્જીદે જિન :– જ્યાં આપ (સ.અ.વ.)એ જિન્નાતોથી બયઅત કરી હતી.

(૪) જબલુન્નુર :– (ગારેહિરા) મક્કાથી મિના જવાના રસ્તે લગભગ ૩ માઈલ દૂર જબલે નૂર (ગારેહિરા) આવેલો છે. સૌથી પહેલી વહી અહીંયા ઉતરી હતી. નબુવ્વત મળ્યા પહેલા નબી (સ.અ.વ.) અહીંયા આવીને ઈબાદત કરતા હતા.

(૫) હઝરત ખદીજહ (રદિ.)નું મકાન :– આ મકાનમાં હુઝુર (સ.અ.વ.) એ મદીનહ હિજરત કરતાં સુધી કિયામ ફરમાવ્યો હતો, અને હઝરત ફાતિમા (રદિ.)ની પયદાઈશ આજ મકાનમાં થઈ હતી. આ મકાન બહું મુબારક અને

અફઝલ છે. સફા-મરવહથી બહાર છત્તા બજારમાં દાખલ થતાં જમણી બાજુ ગલીમાં છે. લોકો બહારથી જ ઝિયારત કરી લે છે, હાલમાં અહીંયા હિફ્ઝ ક્લાસ છે. જ્યાં છોકરાઓ હાફિઝ થાય છે.

(૬) મસ્જિદે આઈશા :– જ્યાંથી ઉમરહ માટે એહરામ બાંધવામાં આવે છે મક્કાથી ત્રણ માઈલ દૂર મદીના જવાના રસ્તા પર છે. ત્યાં જવા માટે બાબે અ.અઝીઝથી મીની બસો મળી જાય છે.

ઉમરહ કરવા માટે તો મસ્જિદે આઈશા જઈ એહરામ બાંધી મસ્જિદે હરામમાં આવી ઉમરહ કરવો.

(૭) મોહલ્લા બની હાશિમ :– આ તે મોહલ્હો છે. જ્યાં કુરૈશ ખાનદાન આબાદ હતું ત્યાં આપના દાદા અ.મુત્તલિબ અને બીજા બુઝુર્ગો વડીલો વસેલા હતા. અને આ તે જ ઘાટી છે. જેને શોઅબે અબિ તાલિબના નામથી ઓળખાય છે, જ્યાં નબી (સ.અ.વ.) અને આપના ખાનદાનવાળાઓ એ ત્રણ વર્ષ સુધી કાફિરોના જુલ્મથી બહિષ્કારનો મુશ્કિલ તરીન ઝમાનો વિતાવ્યો હતો.

(૨૭) તવાફ કરવાની સહુલત માટે બયતુલ્લાહનો નકશો.

(૨૮) હજ્જ-ઉમરાહમાં વપરાતા અરબી શબ્દોની સમજૂતી.

રુકનેયમાની : બયતુલ્લાહના પશ્ચિમ તથા દક્ષિણ દિશાના ખૂણાને કહે છે. જે ''યમન'' બાજું આવેલો છે.

રુકને ઈરાકી : ઉત્તર અને પૂર્વ દિશાના ખૂણાને કહે છે. જે ''ઈરાક'' બાજું છે.

રુકને શામી : ઉત્તર અને પશ્ચિમ દિશાના ખૂણાને કહે છે. જે ''શામ'' બાજું છે.

મીઝાબેરહમત : કાબાની છત પરથી હતીમના અંદર પડતા વરસાદના પાણીના પરનાલાને કહે છે. જ્યાં દુઆ કબૂલ થાય છે. તેના નીચે નમાઝ પઢવી અફઝલ છે.

હજરે અસ્વદ : દશ્રિણ અને પૂર્વ દિશાના ખૂણામાં હજરે અસ્વદ લાગેલો છે. તેને બોસો આપી અથવા ઈસ્તલિમ કરી તવાફના ચકકર શરૂ કરવામાં, આવે છે.

તલબિયહ : હજ્જ અને ઉમરાહમાં એહરામની હાલતમાં પઢવામાં આવે છે એટલે કે લબ્બૈયક (છેવટ સુધી)

મતાફ : હરમશરીફમાં તવાફકરવાની જગાને મતાફ કહે છે.

મુલ્તઝમ : હજરે અસ્વદ અને બયતુલ્લાહના દરવાઝા વચ્ચેની જગા.

હતીમ : બયતુલ્લાહને અડીને ઉત્તર દિશાએ (ચુ) આકારનો ભાગ જે પહેલાના ઝમાનામાં, બયતુલ્લાહમાં, શામિલ હતો.

દમ : એહરામની હાલતમાં અમુક નાજાઈઝ કામો કરવાથી બકરી વિગેરે ઝૂબ્હ કરવું વાજિબ છે. **તેને દમ કહે છે.**

(૨૯) હજ્જે તમત્તુઅના અમલ એક નઝરમાં

૧.	ઉમરાહનું એહેરામ	શર્ત
૨.	ઉમરાહનો તવાફ (રમલ કરવું સુન્નત છે.)	
૩.	ઉમરાહની સફા-મરવાહની સઇ	રુકન
૪.	સઇ પુરી કરી માથાના બાલ કપાવવા મુંડાવવા	વાજિબ
૫.	૮, જીલ્હજ્જના હજ્જનો અહેરામ બાંધવો	વાજિબ
૬.	વુકુફે અરફાત	રુકન
૭.	વકુફે અરફાત પછી વકુફે મુઝદલિફહ	વાજિબ
૮.	૧૦, જીલ્હજ્જના મોટા શેતાનને કંકરીઓ મારવી	વાજિબ
૯.	કુર્બાની	વાજિબ
૧૦.	હલક અથવા કસર	વાજિબ
૧૧.	તવાફે ઝિયારત	રુકન
૧૨.	સફા. મરવહની સઇ	વાજિબ
૧૩.	૧૧,૧૨, જીલ્હજ્જના ત્રણેય જમરાતની રમીકરવી.	વાજિબ
૧૪.	તવાફે વિદાઅ	વાજિબ

(૩૦) ઝિયારતે મદીના મુનવ્વરહ

અલ્લાહ તઆલાના પવિત્ર ઘર ખાનએ કઅબહના દીદાર અને હજ્જના મુબારક ફર્ઝથી ફારિગ થયા પછી ઝિંદગીની સૌથી મોટી નેઅમત અને સઆદત મસ્જિદે નબવી અને રસુલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમના રોઝા મુબારકની ઝિયારત દરેક મોમિન માટે સઆદતનો સરમાયો છે.

હુઝુર સલ્લલ્લાહુ અલયહી વસલ્લમએ ઝિયારત કરનારાઓને પોતાની શફાઅતના હકદાર ઠેરાવ્યા છે.

આપ (સ.અ.વ.)નું ફરમાન છે કે જેણે મારી વફાત પછી મારી કબરની ઝિયારત કરી તો એ એવું જ છે. કે જેણે મારી ઝિંદગીમાં મારી ઝિયારત કરી.

હુઝુર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમનો ઈર્શાદ છે કે જેને મદીનહ સુધી પહોંચવાની ગુંજાઇશ હોય છતાંય તે મારી ઝિયારત માટે ના આવે (એટલે ફક્ત હજ્જ કરી પાછો ચાલ્યો જાય) તેણે મારી સાથે ઘણી બે મુરવ્વતી કરી.

મક્કા શરીફથી મદીના શરીફ ૪૮૫ કિલો મીટર દૂર છે. સફર દરમ્યાન સલામ અને દુરુદશરીફ પઢતા રહેવું જોઇએ મદીના શરીફમા, દાખલ થવાની દુઆ પઢો.

''અલ્લાહુમ્મ અન્ત સ્સલામ વમિન્કસ્સલામ વ ઈલયક યરજિઉ સ્સલામ ફ હય્યિ ના બિસ્સલામ વ અદ ખિલના દારસ્સલામ તબારકત રબ્બના વતઆલયત યા જલ જલાલિ વલ ઈકરામ.''

''રબ્બી અદખિલ્ની મુદખલ સિદકીંવ વઅખ્રીજની મુખરજ સિદકિંવ વજ અલ્લી મિન લદુન્ક સુલતાનત નસીરા વકુલ જાઅલ હક્કો યજ હકલ બાતિલ ઈન્નલ બાતિલ કાન ઝહુકા વનુંનઝિઝેલું મિનલ કુર્આને મા હુવ શિફાઉંવ વરહમતુલ લિલ્મુઅમિનીન વલા યઝીદુઝ્ઝા લિમીન ઈલ્લા ખસારા.''

પોતાના રેહઠાણના મકાનમાં ઉતરી ગુસલ કરો ખુશ્બું લગાવો. અને ખુબ જ અદબ સાથે મસ્જિદે નબવી સલ્લલ્લાહું અલયહિ વસલ્લમ તરફ પ્રયાણ કરો.

બાબે જિબ્રઈલ અલહિસ્સલામથી દાખલ થવું બેહતર છે. મસ્જિદે નબવીમાં જમણો પગ મુકી મસ્જિદમાં દાખલ થવાની દુઆ પઢો.

''અલ્લાહુમ્મગફિરલી જુનુબી વફતહલી અબવાબ રહમતિક''

તથા નફિલ એઅતિકાફની નિય્યત કરવી મુસ્તહબ છે.

પહેલા રિયાઝુલ જન્નતમાં, બે રકાત તહિય્યતુલ મસ્જિદ અદા કરો. ત્યાં જગા ન મળે તો આસપાસમાં જગા મળે ત્યાં પઢી લો.

સાથે ઔરતો હોય તેમને ઔરતોના વિભાગમાં મોકલી આપો. સાથે ઔરતો બહાર નિકળી ભેગા થવાની જગા બતાવી દો. જેથી પરેશાની ઉભી ના થાય.

(૩૧) રોઝા મુબારક પર હાજરી

નમાઝથી ફારિગ થઇ રોઝએ અકદસ તરફ આવો અને આપના રોઝા મુબારક સામે ખુબ જ અદબથી ઉભા રહો અને દિલમાં ખ્યાલ જમાવો કે હુઝુર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ કબર મુબારકમાં હયાત છે. મારી હાજરી આપને ખબર છે. મારી દરખાસ્ત સાંભળી રહ્યા છે. ધીમી આવાઝે સલામનું નઝરાણું પેશ કરો, **''અસ્સલાતુ વસ્સલામું અલયક યા રસુલલ્લાહ''** અને આપના વસીલાથી પોતાની મગફિરત, ઈમાન પર ખાત્મા અને અલ્લાહ તઆલાની રઝામંદી માટે અને તમામ ઉમ્મતની ભલાઇ માટે ખુબ જ દીલથી દુઆ માગો, સલામના લાંબા જુમ્લા યાદ ન હોય તો નાની સલામ **''અસ્સલામુ અલયક યા રસુલલ્લાહ''** વારંવાર પઢતા રહેવું.

બીજા કોઇએ સલામ રજુ કરવાની ફરમાઇશ કરી હોય તો તેના તરફથી તેના નામ સાથે સલામ પેશ કરો.

તથા આપથી શફાઅતની દરખાસ્ત કરો કે કિયામત ના દિવસે મારી શફાઅત ફરમાવશો.

જ્યારે આપ રોજા મુબારક સામે આવશો તો ત્યાં ત્રણ જાળીવાળી મોટી કમાનો બનાવેલી છે. ફક્ત વચ્ચેની કમાનમાં (જાળીમાં) ત્રણેય હઝરાત આરામ ફરમાવી રહ્યા છે. વચ્ચેની જાળીમાં, એક મોટું ગોળ કાણું છે. તે આપ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમના ચહેરા મુબારક સામે છે. તથા થોડા આગળ હટીને આપનો સીના મુબારક છે. ત્યાં હઝરત અબુ બકર (રદિ.)ના મોં સામે છે. અને હઝરત અબુબકર (રદિ.)ના સીના મુબારક પાસે હઝરત ઉમર (રદિ.)નું માથું મુબારક છે. તે મુબારક ચહેરા સામે પણ એક નાનું ગોળ કાણું છે. મતલબ કે ત્રણેય હઝરાત વચ્ચેની જાળીમાં જ આરામ ફરમાવી રહ્યા છે.

આપ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમના દરબારમાં સલાતો-તલામ પેશ કરી દુઆ માંગી. થોડા આગળ વધો અને હઝરત અબુ બકર (રદિ.)ની ખિદમતમાં આ પ્રમાણે સલામ કરો ''**અસ્સલામુ અલયક યા અબુ બકર સિદ્દીક (રદિ.)**''

ત્યાર પછી એક હાથ આગળ વધી હઝરત ઉમર ફારૂક (રદિ.)ને સલામ પેશ કરો.

''**અસ્સલામુ અલયક યા ઉમર બિનખત્તાબ**'' (રદિ.)

યાદરાખો : આ મુબારક જગા પર ખુબ જ ભીડ હોવાના કારણે લાંબી સલામ-લાંબા દુરુદ શરીફ પઢવાનો મૌકો મળી શકે તેમ નથી માટે આપ ચાલતા ચાલતા ત્તણેવ હઝરતને સલામ પેશ કરી ધીમેથી કિબ્લાની દિવાલ પાસે જતા રહેશો અને કબર મુબારક તરફ મોઢું કરી સલામનો અમલ પૂરો કરો અને કિબ્લારુખ ઉભા રહીને દુઆ વિગેરેનો અમલ પુરો કરો.

અનુભવ પ્રમાણે ત્રણ ટાઇમો એવા છે જેમાં ભીડ ઓછી હોય છે. અને સુકુનથી સલામ-દુઆ વિગેરેનો મૌકો મળે છે.

(૧) ઇશાંની નમાઝના એક કલાક પછી

(૨) ફઝરની નમાઝના દોઢ કલાક પછી

(૩) ઝોહરની નમાઝના એક કલાક પછી

ઔરતો માટે સલાતો સલામ પઢવા માટે તેમજ રિયાઝુલ જન્નતમાં બે રકાત નમાઝ પઢવા માટે દરરોજ બે વખત બંદોબસ્ત કરવામાં આવે છે. (૧) સવારમાં ૯ વાગે. (૨) ઝોહરની નમાઝ પછી અડધા કલાક માટે ઔરતો

આ સમયને યાદ રાખે. બહેનોએ આ મુબારક તકનો લાભ અવશ્ય લેવો જોઇએ.

મદીના શરીફમાં રોકાણના સમયને ખુબ ગનીમત સમજો. વધુ સમય મસ્જિદે નબવીમાં પસાર કરો.

જે માણસ મસ્જિદે નબવીમાં ચાલીસ નમાઝો જમાઅત સાથે અદા કરશે તો તેને દોઝખના અઝાબથી અને નિફાકથી પાક કરી દેવામાં આવશે.

તમો મદીના શરીફમાં આઠ દિવસ રોકાઇ અને ચાલીસ નમાઝો પુરી કરો. મસ્જિદે કિબલતૈનમાં પણ નમાઝ પઢો.

શનિવારના રોજ ખાસ મસ્જિદે કુબામાં નફિલ નમાઝ પઢો તેનો ઘણોજ સવાબ વર્ણન કરવામાં આવ્યો છે.

દરરોજ રોઝા મુબારક પર સલામ પઢીને જન્નતુલ બકીઅ કબ્રસ્તાનમાં ઝિયારત કરવા માટે જવું જોઇએ. અને જુમ્આના દિવસે ખાસ જવું જોઇએ.

અસ્હાબે સુફ્ફહનો ચબુતરો છે. તે જગા પણ ઘણીજ મુબારક છે. જ્યાં સહાબા (રદિ.) હુઝુર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની સોહબતમાં દીન શિખતા હતા.

તમો પણ તે જગાએ નમાઝ તિલાવત દુરૂદશરીફ પઢીને અહદ કરશો કે હું પણ અલ્લાહનો દીન દુન્યામાં ફેલાવવાની કોશિષ કરીશ.

(૩૨) મસ્જિદે નબવીના સાત બરકતવંત થાંભલા

(૧) ઉસ્તુવાને આઈશા સિદ્દીકહ (રદિ.)

(૨) ઉસ્તુવાને અબુ લુબાબહ (રદિ.)

(૩) ઉસ્તુવાને વુફુદ

(૪) ઉસ્તુવાને સરીર

(૫) ઉસ્તુવાને અલી (રદિ.)

(૬) ઉસ્તુવાને તહજ્જુદ

(૭) ઉસ્તુવાને હન્નાનહ

આ બધાં થાંભલાઓ મસ્જિદે નબવીના ભાગમાંજ છે ત્યાં જઈને દુઆ માંગો. ઈસ્તિગફાર કરો. ત્યાં સુન્નતો, નફલો પઢો. આ તે જગાઓ છે. જેને હુઝુર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની મુબારક નજર અને મુબારક કદમોનું સ્પર્શનું સૌભાગ્ય પ્રાપ્ત છે.

(૩૩) મદીના શરીફની મુબારક જગાઓ

(૧) જન્નતુલ બકીઅ : મદીના શરીફનું મશ્હુર કબ્રસ્તાન છે. હરમે નબવી થી ૫/૧૦ મિનીટના અંતરે છે. ફજરની તેમજ અસરની નમાઝ બાદ કબ્રસ્તાનનો દરવાઝો ખોલવામાં આવે છે, આ મુબારક કબ્રસ્તાનમાં અઝવાજે મુતહદરાત (પુનિત પત્નિઓ) તેમાં આરામ ફરમાવી રહી છે.

આપ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની ઔલાદો પણ આરામ ફરમાવી રહી છે. અને જલીલુલ કદ્ર સહાબા (રદિ.) પણ આરામ ફરમાવી રહ્યા છે.

અને તે સિવાય હઝારો તાબેઈન તબેતાબેઈન બેશુમાર મોટા મોટા ઈમામો, અવલિયાએ કિરામ આ કબ્રસ્તાનમાં આરામ ફરમાવી રહ્યા છે.

જો તમો ઉપર વર્ણન કરેલી હસ્તીઓની સીરતથી વાકિફ હશો તો આપને ખરો એહસાસ થશે આપની આંખોથી આંસુ ટપકશે. અહીંના ઢગલા નીચે ઈસ્લામનો મહાન ખઝાનો દફન કરવામાં આવ્યો છે. કોઈએ સાચું કહ્યું છે.

''દફન હોગા ન કહીં ઐસા ખઝાના હરગીઝ''

કિયામતના દિવસે સૌથી પહેલાં ''જન્નતુલ બકીઅ'' વાળા ઉઠાવવામાં આવશે.

(૨) જબલે ઉહદ (૩) મસ્જિદે કુબા (૪) મસ્જિદે કિબલતૈન (૫) મસ્જિદે જુમ્અહ (૬) મસ્જિદે ગુમામહ (૭) મસ્જિદે ફતહ.

આ મસ્જિદોની નઝદીક મસ્જિદે અબુ બકર (રદિ.) મસ્જિદે ઉમર (રદિ.) મસ્જિદે અલી (રદિ.) મસ્જિદે સલ્માન ફારસી (રદિ.) મસ્જિદે ફાતિમહ (રદિ.)

દરેક મસ્જિદમાં બે રકાત નફિલ નમાઝ પઢી દુઆ માંગો.

મદીના શરીફથી બહાર એક પહાડ છે જે **જબલે ઉહદના** નામથી ઓળખાય છે. હઝરતે હમઝહ (રદિ.) તથા બીજા સિત્તેર સહાબા (રદિ.) જેઓએ ઈસ્લામ ખાતર શહાદત વહોરી હતી તે બધાની કબરો ત્યાં છે. એક એક કબરમાં કેટલાય માણસોને દફન કરવામાં આવ્યા હતા.

એક વખત ત્યાં જરૂર જાવ. શહીદોને સલામ પહોંચાડો અને મગફિરત અને દરજાત બુલંદ થવાની દુઆ કરો.

(૩૪) મદીનહ શરીફની ખજૂર

હદીષ શરીફમાં મદીનહની ખજૂરની ઘણી ફઝીલત આવેલી છે. મદીનહનું ખજૂર ખાવાથી ઝેહર પણ અસર કરતું નથી. (મુસ્લિમ શરીફ ૨/૧૮૧)

તમો જ્યારે મદીના શરીફથી પાછા આવો ત્યારે ઝમઝમનું પાણી તથા મદીનહનું ખજૂર જરૂરથી સાથે લાવો.

દીસ્તો, સગા-સંબંધીઓને ઝમઝમ અને ખજૂરનો તોહફો આપો, દુન્યાની કોઈ વસ્તુ તેનાથી અફઝલ નથી.

મદીનહમાં ખજૂરનું મોટું માર્કેટ છે. ત્યાં દરેક પકારની ખજૂરો મળે છે. ત્યાંથી ખરીદવી મુનાસિબ છે.

(૩૫) મદીનહ શરીફથી વિદાય

જ્યારે મદીનહ શરીફથી ફારિગ થઈ વતન પાછા આવવાનો ઈરાદો થાય તો રવાનગી ના દિવસે જન્નતુલ બકીઅની ઝિયારત તથા મસ્જિદે નબવીમાં બે રકાત નમાઝ પઢો ત્યારબાદ રોઝા મુબારક ઉપર આવી સલામ પઢો ત્યારબાદ દરબારે રિસાલતની જૂદાઈ પર હસરત અને અફસોસ કરતાં કરતાં સફરની દુઆઓ પઢતા પઢતાં અને બની શકે તો ગરીબોને સદકો આપીને નિકળે.

વતનમાં પહોંચીને પોતાના મોહલ્લાની મસ્જિદમાં જઈ બે રકાત નમાઝ પઢો. પછી પોતાના ઘરમાં બે રકાત નફિલ નમાઝ પઢો અને અલ્લાહ તઆલાનો શુક્ર અદા કરો કે તેણે સલામતી અને આફિયત થી આ મુબારક સફર પુરો કરાવ્યો. અને હજજ ઉમરહની મોટી નેઅમત બક્ષી.

હવે મુલાકાતી સામે હજની એડવરટાઈઝ ન કરો હજજનું વર્ણન બડાઈના તૌર પર ન કરો હા ! ત્યાંની સારી વસ્તુંઓ અને ફઝીલતોનું બયાન કરો કે બીજાઓને પણ હજજ ઉમરહમાં જવાનો શોખ અને રગબત પૈદા થાય. સફરની તકલીફોનું વર્ણન ન કરો હજજનું સફર લાંબુ છે દેશ બીજો ભાષા બીજી વિગેરે કારણોસર કોઈ તકલીફ પહોંચે તો એ કોઈ મોટી વાત નથી.

હજજ પછી સારા કામો અને ઈબાદતોમાં વધારો થાય એ હજજ કબૂલ થવાની નિશાની છે. હજજ પછી પોતાની આદતો સુધારવાનો ખાસ ખ્યાલ રાખો. બંદગીમાં ખૂબ ધ્યાન લગાવો અને બુરાઈયોથી નફરત કરો.

અંતમાં અલ્લાહના ફઝલો કરમથી આ નાનકડી અતિ ઉપયોગી કિતાબ તૈયાર કરી આપની સમક્ષ રજુ કરી છે. અલ્લાહતઆલા કબૂલ ફરમાવે વાંચક બિરાદરોને નમ્ર અર્જ

કે નાચીઝ ગુનેહગારને પણ પોતાની દુઆઓમાં જરૂર યાદ રાખશો.

અંતમાં : આ નાનકડી કિતાબમાં ટૂંકાણમાં હજ્જ ઉમરહનો તરીકો અને જરૂરી બાબતો વર્ણન કરી છે. જે જાણકાર માટે કાફી છે. છતાંય ઘણી જરૂરી બાબતો લખવાની બાકી છે. માટે સંપૂર્ણ માહિતી જેમ કે, ખાસ મૌકાની દુઆઓ. હજ્જના પ્રકારો, નાના છોકરાઓની હજ્જની રીત, ઔરતોની હજ્જની રીત, હરમમાં નમાઝે જનાઝહ પઢવાની રીત, તથા હજ્જ ઉમરહમાં ઔરતોને લાગું પડતા મસાઈલ વિગેરે જાણવા માટે ''હજ્જ અને ઉમરહ'' ફલાહીના હમરાહ (હજ્જ સંબંધી સરળ માહિતી પૂરી પાડતી કિતાબ) નો મુતાલો અવશ્ય જરૂરી છે. (સરનામું : જામિઅહ ઉલૂમુલ કુરઆન, જંબૂસર, જિ. ભરૂચ)

(૩૬) ગરમી અને તેનાથી બચવાનો ઈલાજ.

ગરમીની મૌસમમાં હજ્જ થતી હોય ત્યારે તેના નુકશાનથી બચવા માટે પાણી અને શરબતનો વધું

પ્રમાણમાં ઉપયોગ કરો. વધું કમઝોરી લાગે તો ત્યાં મળતા પાવડરનો શરબત બનાવી ઉપયોગ કરો. જે શરીરની નબળાઈ દૂર કરશે. તાપ થી બચવા ઠંડકવાળી જગાએ પંખાની હવામાં બેસો.

વધુ પ્રમાણમાં ચક્કર આવે, બેહોશી જેવું લાગે, તથા લૂ લાગવાના લક્ષમો જણાય તો ગભરાયા સિવાય ડૉક્ટરનો સંપર્ક કરવો.

હવામાન, ખોરાક, અને સફરના કારણે બિમારી, કમઝોરી કે અન્ય કોઈ તકલીફ ઉભી થાય અથવા અકસ્માત સર્જાય તો સારવાર માટે સરકારે જિદ્દહ - મક્કહ, મદીનહ, મિના, મુઝદલિફહ, અરફાત દરેક જગ્યાએ દવાખાનાની અજોડ વ્યવસ્થા કરેલી છે.

ભારત સરકારના પણ દરેક ઠેકાણે દવાખાના હોય છે અને ભારતીય ડૉક્ટરો તપાસીને દવા આપે છે તેનો લાભ લેવો જોઈએ.

ગંભીર બીમારને દવાખાનામાં ભરતી કરે છે. બીમાર સાથે કોઈને રેહવા દેતા નથી. અને મર્યાદિત સમય સિવાય મળવા દેતા નથી તો આપ ફિકર કરશો નહી તે લોકો દર્દીની સંપૂર્ણ સંભાળ રાખશે અને સારૂં થયે રજા આપશે.

હાજી લોકોએ એરપોર્ટ મદીનતુલહુજ્જાજ, હરમ શરીફ તથા અન્ય ભીડ ભાડ વાળી જગાઓમાં ચોરો અને ધોકેબાઝોથી સાવધાન રહેવું જોઈએ ઘણા ચોર લોકોએ ચોરીનો ધંધો છેક હરમ સુધી વિક્સાવેલો છે અને આ હેતુથી જ તેઓ ત્યાં આવે છે.

માટે રોકડ રકમ, ડ્રાફ્ટ, પાસપોર્ટ, કિંમતી સામાનની સાવચેતી પૂર્વક હિફાઝત કરો, અજાણી વ્યક્તિને કોઈ વસ્તું સોંપવી નહી. ખપ પૂરતા પૈસા પાસે રાખો બાકીના મોઅલ્લિમની ઓફિસે જમા કરાવી રસીદ મેળવી લેવી. જરૂરી મુજબ ઉપાડ કરતા રહો. ૫૦/૧૦૦ રિયાલ ઔરતો પાસે પણ રાખો કદાચ વિખૂટા પડી જાય તો કામ લાગશે.

નવી જગા અને અતિશય ભીડ ભાડના કારણે ગૃપથી છૂટા પડી જવાનો પૂરો ખતરો રહે છે.

મક્કહ અને મદીનહમાં હરમના જે દરવાજે થી દાખલ થાવ તેનું નામ અને નંબર યાદ રાખો. જેથી આપને બહાર જવા-આવવામાં ઘણી સરળતા રહેશે.

હજ્જ દરમ્યાનના પ્રવાસમાં ગૃપના બધા માણસો એકજ બસમાં સફર કરો. શૈતાનને કાંકરીયો મારવા જવા માટે ગૃપના માણસોને સાથે રાખીને જ કરો.

બીમારો અને ઘરડાઓને તથા ઔરતોને ભીડ ઓછી થાય પછી લઈ જવા વધું હિતાવહ છે. આવા સમયે જાનને જોખમમાં નાખશો નહી.

સઉદી સરકારે નક્કી કરેલા કાયદા કાનૂનોની સંપૂર્ણ પાબંદી કરો નહિતર પરેશાની ઉભી થશે.

અલ્લાહતઆલા દરેક હાજીને સહી તરીકાથી હજ્જ ઉમરહની અદા કરવાની તૌફીક અતા ફરમાવે, અને કબૂલ ફરમાવે.

અંતમાં જે સખી ગૃહસ્થોએ કિતાબની છપાઈનો ખર્ચ અદા કર્યો છે. અલ્લાહતઆલા તેઓની આ માલી કુરબાની કબૂલ ફરમાવી બન્ને જહાનમાં બેહતરીન બદલો અતા ફરમાવે. આમીન.

વસ્સલામ

અહકર : મૌ. શમ્સુલહક હાશિમ
ખાદિમ સ્ટેશન મસ્જિદ, નડિયાદ, જિ. ખેડા.
મો. ૯૯૨૫૫ ૪૨૩૨૦